ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



# ખરવાણીમાં ગંદા પાણીથી રોગચાળાની દહેશત




## કૂવા સૂકાયા અને બોરમાં પાણી નથી આવતું, નલ સે જલ યોજના કાગળ પર જ

(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ તાલુકાનું ખરવાણી ગામની વસ્તી અંદાજે ૮ હજાર છે અને તેમાં ૧૦ ફળિયા આવેલા છે. આ ગામના લોકોને પીવાના પાણીની ગંભીર સમસ્યા છે. પહાડી અને પથરાળ વિસ્તાર હોવાના કારણે, પાણીની અછતને લીધે સ્થાનિક લોકોને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ભાભોર ફળિયાના છોકરીઓ, બાળકો અને મહિલાઓ દૂર-દૂરથી પહાડીઓ પાર કરીને ગામના તળાવમાં ખોદેલા ખાડામાંથી પાણી લેવા આવે છે. જો વિસ્તારમાં રોગચાળો ફાટે તો જવાબદાર



તંત્ર શુ જવાબદારી લેશે ? આ પાણીનો ઉપયોગ ગામના પશુઓ પણ કરે છે. મહિલાઓ આ ખાડામાંથી પાણી ભરીને પોતાના ઘરે લઈ જાય છે. પાણી ગંદુ હોવાને કારણે, તેઓ ઘરે જ પાણી ગરમ કરીને ગાળી લે છે અને પછી પીવામાં અને અન્ય કામોમાં તેનો ઉપયોગ કરે છે. ગામમાં છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષથી આવી જ સ્થિતિ બનેલી છે, તેથી લોકો ગંદુ પાણી પીવા માટે મજબૂર છે. ગંદા પાણીના કારણે લોકોમાં બીમાર પડવાનો ડર રહેલો છે. ગામમાં કુલ ૪૦ જેટલા હેન્ડપંપ (ડંકીઓ) લગાવેલા છે, જેમાંથી કેટલાક બંધ હાલતમાં છે, તો કેટલાક માંથી પાણી નથી આવી રહ્યું. ગામમાં કૂવા પણ છે. ઘણા કૂવાઓમાં ગંદુ પાણી છે, જ્યારે કેટલાક કૂવા સુકાઈ ગયા છે. ગામમાં બોર પણ કરવામાં આવ્યા છે, પરંતુ તેમાંથી કેટલાક બોરમાં પૂરતું પાણી નથી આવી રહ્યું. ગામમાં નલ સે જલ' યોજના માત્ર નામ પૂરતી જ છે, જેમાં આજદિન સુધી પાણી આવ્યું નથી. ગામમાં પાણીનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ૨૦૧૭-૧૮માં પાણી પુરવઠા વિભાગે યોજના બનાવી હતી, પરંતુ હજુ સુધી દરેક ઘર સુધી પાણી પહોંચ્યું નથી, જેના કારણે ગામ લોકો ને હાલાકી ભોગવવી પડી રહી છે.

### સદ્‌નસીબે કારમાં કોઇ ન હોવાથી જાનહાનિ ટળી

## ઝાલોદમાં સ્ટેશન નજીક પેટ્રોલપંપ નજીક પાર્ક ગાડી ગટરમાં ખાબકી

દાહોદ : ઝાલોદ શહેરના વિશ્વકર્મા મંદિર સામે આવેલી આદિ હોસ્પિટલ નજીક શુક્રવારે એક આશ્ચર્ય જનક ઘટના સર્જાઈ હતી. રાજસ્થાન રાજ્ય ના ખૂંટા ગલીયા વિસ્તાર ના રહેવાસી એક વ્યક્તિ પોતાની સારવાર માટે આદિ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. તેઓ ત-૦૯-મક-૪૬૯૮ નંબરની સફેદ ટ્રાવેરા ગાડીમાં હોસ્પિટલ પહોંચ્યા હતા. ગાડી હોસ્પિટલ નજીક પાર્ક કરવામાં આવી હતી. ત્યારબાદ ગાડીમાં રહેલા વ્યક્તિ સારવાર માટે હોસ્પિટલમાં ગયા હતા. તે દરમિયાન અચાનક પાર્ક કરેલી ટ્રાવેરા ગાડી પોતાની જગ્યાથી આગળ સરકવા લાગી હતી અને નજીકમાં આવેલા શિવમ પેટ્રોલ પંપ પાસેની ખુલ્લી ગટરમાં જઈ ખાબકી



હતી. અચાનક બનેલી આ ઘટનાને કારણે આસ પાસના લોકોમાં કુતૂહલ ફેલાયું હતું. સદનસીબે, ગાડી ગટરમાં ખાબકી ત્યારે તેમાં કોઈ વ્યક્તિ હાજર નહોતી. જેના કારણે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી.

### ચાર માસ અગાઉ ચેકપોસ્ટ પરથી કુરિયર કંપનીની ગાડીમાંથી મુદ્દામાલ જપ્ત કરાયો હતો

## ખંગેલાથી ઝડપાયેલી ૧૦૮ કિલો ચાંદી,૧.૩૮ કરોડ રોકડા IT વિભાગને સોંપવા કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ) દાહોદ તા.13

ચૂંટણી નજીક હોવાથી ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે કતવારા પોલીસે મધ્યપ્રદેશ અને ગુજરાતની જોડતી સરહદી ચેકપોસ્ટ એવી ખંગેલા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ સઘન બનાવ્યું હતું. જેને પગલે ૧૧મી ફેબ્રુઆરીના રોજ મધ્યપ્રદેશ પાસીંગની કુરિયર કંપનીની એક ગાડીને રોકી તલાશી લેતા તેમાંથી ૧૦૮ કિલો ચાંદીનો જથ્થો અને ૧.૩૮ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. આટલી મોટી માત્રામાં ચાંદી અને રોકડ જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. અને આ અંગેની જાણ આવકવેરા વિભાગને કરવામાં આવી હતી. આવકવેરા વિભાગ દ્વારા રોકડની કાયદેસરતા અને ચાંદીના બિલો રજૂ કરવા જણાવ્યું હતું. જેને પગલે ઉત્તર પ્રદેશના ઝાંસીથી મહાદેવ જ્વેલર્સ દ્વારા પોતાના ધારા શાસ્ત્રી દ્વારા તમામ મુદ્દામાલ પરત મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. જેની સામે આવકવેરા વિભાગના સ્પેશીયલ પબ્લિક પ્રોસિક્યુટર હાર્દિક શાહે વિસ્તૃત અને અસર કારક દલીલો કરતા જણાવ્યું હતું કે, રોકડ, ચાંદીના જથ્થાના સ્ત્રોત, માલિકી અને કાયદેસર ની આવક સાથેની સુસંગતતા અંગે અભિર શંકા ઉભી થાય છે.જેના કારણે આ કેસની સંપૂર્ણ તપાસ આવશ્યક છે. આટલી મોટી રકમનું પરિવહન સામાન્ય વ્યવસાયિક વ્યવહારો સાથે સુસંગત જણાતું નથી. કરોડો રૂપિયાની રોકડ બેકિંગ માધ્યમ થકી સરળતા થી ટ્રાન્સફર થઈ શકે છે. આવકવેરા વિભાગની રજૂઆતો, દસ્તાવેજી પુરાવા અને હાર્દિક શાહની ધારદાર દલીલો ને ધ્યાનમાં રાખી રોકડ અને ચાંદી આવકવેરા વિભાગને સોંપવાનો અદાલતે હુકમ કરતા કતવારા પોલીસે સદર રોકડ તથા ચાંદીનો જથ્થો આવકવેરા વિભાગને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

## ઢઢેલા ગામે હાઈવે પર ત્રીપલ અકસ્માત

દાહોદ : અમદાવાદ ઈન્દોર હાઈવે ઉપર દાહોદ નજીકના ઢઢેલા ગામે ત્રણ વાહનો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો એક કાર અને બે ટ્રકો વચ્ચે સર્જાયેલા આ અકસ્માતના કારણે હાઈવે જામ થયો હતો તેના કારણે હાઈવે ઉપર બંને તરફ વાહનોની લાંબી કતાર લાગી હતી આ ઘટના બનતા પોલીસ કુમકુ તાત્કાલિક રીતે ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રતોને ૧૦૮ મારફત સારવાર અર્થે દવાખાને લઈ જવાયા હતા તેમજ હાઈવે ઉપર અકસ્માત ગ્રસ્ત વાહનોને હટાવવા ની કામગીરીમાં લાગ્યા હતા. આ ટ્રીપલ વાહન અકસ્માતમાં કારમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

## પાવાગઢ ડુંગર પર છેલ્લા ૧૫થી ૨૦ દિવસથી પાણીની ગંભીર કટોકટી સર્જાઇ

(પ્રતિનિધિ) દાહોદ તા.13

સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ડુંગર પર છેલ્લા ૧૫, થી ૨૦ દિવસથી પાણીની ગંભીર કટોકટી બાદ આજ રોજ તંત્ર સફાળું જાગી ડુંગર પરના છાસિયા તળાવ તેમજ દુધિયા તળાવ ને ઉંડુ કરવાની કામગીરી ના શ્રી ગણેશ કરવામાં આવ્યા છે. પાવાગઢ ડુંગર પર છેલ્લા ઘણા વર્ષોથી માર્ચ માસની શરૂઆતથી તળાવો સુકાઈ જવા જેના કારણે કુવામાં પણ પાણી ખલાસ થઈ જતા ડુંગર પર પાણીની ગંભીર કટોકટીની ફરિયાદો સાંભળવા



મળતી હતી. તેમ છતાં તંત્ર દ્વારા આ અંગે કોઈ નક્કર કામગીરી હાથ ધરવામાં આવતી ન હોવાના કારણે ચાલુ વર્ષે છેલ્લા ૧૫ દિવસ ઉપરાંત ના સમયગાળાથી ડુંગર પર પાણીની ગંભીર કટોકટી સર્જાતા અફરા તફરી માહોલ પણ સર્જાયો હતો. સ્થાનિક લોકો તો ઠીક યાત્રાળુઓ પણ પાણી વિના લાચારી અનુભવતા હતા. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે મંદિર ટ્રસ્ટને પણ પાણીની કટોકટી નો સામનો કરવો પડ્યો હતો જેના પગલે અન્ન ક્ષેત્ર એક સપ્તાહ સુધી બંધ રાખવાની ફરજ પડી હતી જ્યારે મંદિર ટ્રસ્ટને પોતાના વપરાશ માટે પાણી ના જગ મંગાવાની ફરજ પડી હતી તેમ જાણવા મળતું હતું. જોકે આજ રોજ થી ડુંગર પરના છાસિયા તળાવ તેમજ દુધિયા તળાવ ઊંડા કરવાની કામગીરી હાથ ધરાતા સ્થાનિકોમાં એક તબક્કે આનંદની લાગણી જોવા મળી રહી છે.

## કાલોલ ખાતે રૂખી સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન

કાલોલ : કાલોલ નગરમાં કોમ્યુનિટી હોલ ખાતે પંચમહાલ જિલ્લા રૂખી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે 2026 માં ધોરણ 10 અને 12 માં પાસ થયા હોય તેવા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા નો કાર્યક્રમ કાલોલ હોલમાં યોજાયો હતો જેમાં પંચમહાલ વાલ્મિકી ના અધ્યક્ષ સોમાભાઈ સોલંકી હાઈ પાવર કમિટીના અધ્યક્ષ કિરણભાઈ મહામંત્રી ભરતભાઈ સંગઠન હોદ્દેદારો માં મનોજભાઈ અને પંચમહાલ જિલ્લાના વાલ્મિકી સમાજના સાધુ-સંતો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા




ખૂબ જ મોટી સંખ્યામાં વાલ્મિકી સમાજના લોકો આ કોમ્યુનિટી હોલમાં એકત્રિત થયા હતા તેમની સાથે તેજસ્વી તારલાઓ પણ મોટી સંખ્યામાં આવ્યા હતા આ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા આગેવાનો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### બે આરોપી ફરાર, કાલોલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

## દોલતપુરામાંથી રૂા. ૨.૭૪ લાખનો દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.13

કાલોલ પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે દોલતપુરા ગામની સીમમાં આવેલ એક ખેતરની ઓરડીમાં પ્રોહિબિશન રેઈડ કરી 2,74,700 કિંમતનો ગેરકાયદેસર પરપ્રાંતીય વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. રેઈડ દરમિયાન ઓરડીનો માલિક અને દારૂ સપ્લાય કરનાર બૂટલેગર હાજર મળી ન આવતા પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



આવ્યો હતો. ખેતરમાં આવેલી ઓરડીની તપાસ દરમિયાન અંદર સંતાડીને રાખેલો દારૂ અને બીયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી 456 ટીન માઉન્ટ્સ 6000 સુપર સ્ટ્રોંગ બીયર, 651 ક્વાર્ટર ગોઆ સ્પીરીટ ઓફ સ્મૂથનેસ વ્હીસ્કી અને 533 ક્વાર્ટર ગ્રે વોલ્ફ જામુન ઈ-મિન્ટ વોડકા મળી કુલ 1,640 નંગનો જથ્થો કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આ જથ્થો દોલતપુરાના પરેશભાઈ સામંતસિંહ રાઠોડે સંતાડ્યો હોવાનું અને ચાંચડીયાના હિતેશ ઉર્ફે જાડો જશવંતસિંહ રાઠોડે સપ્લાય કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે બંને સામે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ગોધરામાં વિકસિત ભારત સંકલ્પ સંમેલનનું આયોજન

(પ્રતિનિધિ) ગોધરા તા.13

પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારાના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું હતું.

કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગો દ્વારા ચાલતી યોજનાઓના કેમ્પનું નિદર્શન અને મંદિરના પટાંગણમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ



કાર્યક્રમમાં મંત્રી રમેશ કટારાએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા સૌને એક થઈ સહકાર આપવા આહવાન કર્યું હતું.

### આંબા અને બાંડીબાર ગામે અકસ્માતના બનાવ બન્યાં

## લીમખેડા તાલુકામાં માર્ગ અકસ્માતના બે બનાવમાં બે શખસના મોત થયાં

(પ્રતિનિધિ) દાહોદ તા.13

લીમખેડાના વિસલંગા ગામે રહેતા લક્ષ્મણભાઈ ગલુભાઈ પરમાર સહિત બે લોકો મોટર સાયકલ ઉપર આંબા ગામના ઘાટા માંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક એક ફોરવીલ ગાડીના ચાલકે ફુલ ઝડપે આવી લક્ષ્મણભાઈ ની મોટર સાયકલને અડફેટે લેતા મોટર સાયકલ ઉપર સવાર લક્ષ્મણભાઈ પરમારને ગંભીર ઈજા થતા તેમનું મોત નીપજ્યું હતું જ્યારે વેશતા ભાઈ કનુભાઈ ભાભોર અને સુક્રમભાઈ સનુભાઈ ભાભોરને ઈજા થતાં તેમને સારવાર અર્થે દવાખાને લઈ જવાયા હતા ફોરવીલ ચાલક અકસ્માત સર્જી વાહન લઈને નાસી ગયો હતો અકસ્માત ના બીજા બનાવમાં બાંડીબાર ગામના સગુમ ફળિયામાં રહેતા ભોપતભાઈ શંકરભાઈ પરમાર પોતાની મોટર સાયકલ લઈ અને જતા હતા તે વેળાએ સામેથી એક મોટરસાયકલ ચાલક પૂરઝડપે આવી અને ધડાકા ભેર ભોપત ભાઈ ની મોટરસાયકલ સાથે ટક્કર મારી હતી આ અકસ્માતમાં ભોપત ભાઈ ને ગંભીર ઈજા થતા સારવાર અર્થે દવાખાને લઈ જવાયા હતા પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ હતી પોલીસે અકસ્માતના બંને બનાવ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ

(પ્રતિનિધિ) દાહોદ તા.13

આગામી સમયમાં આવનાર મુસ્લિમો ના પવિત્ર તહેવાર મોહર્રમ પર્વની ઉજવણી હર્ષ ઉલ્લાસપૂર્વક હાલોલ નગરમાં કરવામાં આવનાર છે. તે અંતર્ગત શુક્રવારે હાલોલ ટાઉન પોલીસ મથકે પોલીસ ઈન્સપેક્ટર એન.કે. દેસાઈની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.જ્યારે મોહર્રમ પર્વને લઈને તાજીયાનું જુલૂસ નીકળશે તે રૂટ વિષે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી આ બેઠકમાં હાલોલ નગરના હિન્દુ તેમજ મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પોલીસે પંચો સાથે દરોડો પાડ્યો

## મોબાઈલ લે-વેચનું રજિસ્ટર નહીં રાખનાર સામે ફરિયાદ

કાલોલ : કાલોલ પોલીસ સ્ટેશનન સ્ટાફ કાલોલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ડેરોલ સ્ટેશન પાસે કેટલાક મોબાઈલ દુકાનદારો નવા તેમજ જૂના મોબાઈલ ફોનનું વેચાણ કરે છે, પરંતુ કાયદાકીય જોગવાઈ મુજબ જરૂરી રજીસ્ટર રાખતા નથી.પોલીસે પંચોને સાથે રાખી પાડેલા દરોડામાં ભાંડો ફૂટ્યો બાતમીના આધારે પોલીસે બે પંચના માણસોને સાથે રાખી ડેરોલ સ્ટેશન પાસે આવેલા 'પરફેક્ટ મોબાઈલ પોઈન્ટ' નામની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન દુકાન પર હાજર વ્યક્તિની પૂછપરછ કરતા તેનું નામ ખાલીદ સિકંદર તાસીયા (રહે. કાસીમાબાદ, તા. કાલોલ, જી. પંચમહાલ) હોવાનું બહાર આવ્યું હતું.પોલીસે જ્યારે તેની પાસે નવા અને જૂના મોબાઈલ ફોનના ખરીદ-વેચાણ અંગેનું રજીસ્ટર માંગ્યું, ત્યારે તેણે આવું કોઈ પણ રજીસ્ટર ન નિભાવતા હોવાનું પંચોની રૂબરૂમાં સ્વીકાર્યું હતુ.મોબાઈલના ખરીદ-વેચાણનું રજીસ્ટર ન રાખીતા આરોપી ખાલીદ તાસીયા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**લોક આરોગ્ય સાથે ગંભીર ચેડાં** ઘટના સમયે પંચાયતના માણસો હાજર હોવા છતાં કેમ રહ્યા મૌન?

## ફતેપુરાના ઘરોમાં જતા પાણીના સંપ પર ઢાંકણ જ નથી



**જવાબદારો સામે** કડક પગલાં ક્યારે?ના સવાલ પૂછતા સ્થાનિક પ્રજાજનો

(પ્રતિનિધિ) દાહોદ તા.13

દાહોદ જિલ્લાના ફતેપુરા પંચાયતની માનવ જીવનને જોખમમાં મૂકતી એક અત્યંત ચોંકાવનારી અને ઘોર બેદરકારી સામે આવી છે. ફતેપુરા પંચાયત દ્વારા લોકોના આરોગ્ય સાથે ખુલ્લે આમ ગંભીર ચેડાં થઈ રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. આખું ગામ જે સંપ (વોટર ટેંક) માંથી પીવાનું પાણી મેળવે છે તે સુરક્ષિત રાખવાને બદલે રામભરોસે છોડી દેવામાં આવ્યો છે.

તાજેતરમાં જ આ સંપ પર લોક કે યોગ્ય ઢાંકણ ન હોવાના કારણે એક અજાણ્યો શખ્સ સીધો પાણીના કૂવા(સંપ)માં ન્હાવા માટે ખાબક્યો હતો! તેવા સમયે ગ્રામ પંચાયત તંત્ર સ્થળ ઉપર હાજર હોવા છતાં મૌન કેમ છે તે એક સવાલ છે. સૌથી વધુ આશ્ચર્ય અને આક્રોશની વાતો એ છે કે,જ્યારે આ ઘટના બની ત્યારે ત્યાં પંચાયતના માણસો રૂબરૂ હાજર હતા. તંત્રની હાજરી હોવા છતાં પંચાયતના જવાબદાર માણસોએ મૌન કેમ ધારણ કરી રાખ્યું? તે અજાણ્યા યુવકને પાણીમાં ઉતરતા રોકવામાં કેમ ન આવ્યો? તેવા અનેક સવાલો અત્યારે ગામ લોકો પૂછી રહ્યા છે. પંચાયતના કર્મચારીઓની નજર સામે જ લોકોના સ્વાસ્થ્ય સાથે આ પ્રકારની બેદરકારી દાખવવામાં આવતા લોકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

જે પાણી આખું ગામ પીવા માટે વાપરે છે. તેમાં કોઈ અજાણી વ્યક્તિ ગમે ત્યારે પ્રવેશી શકે તેવી નબળી સુરક્ષા કેમ રાખવામાં આવી છે? જો પાણીમાં કોઈ ઝેરી પદાર્થ કે અન્ય કોઈ ગંભીર દુર્ઘટના ઘટી હોત, તો તેનો જવાબદાર કોણ હોત? પંચાયતની આ આળસુ અને બિનજવાબદાર નીતિને કારણે આજે આખા ગામના લોકો રોગચાળાના ભયના ઓથા હેઠળ જીવી રહ્યા છે. અને ગામ લોકોના સ્વાસ્થ સામે મોટું જોખમ ઊભું થાય તેવા સંજોગો નિર્માણ થઈ રહ્યા હોવાનું જણાય છે.

આ ઘટના બાદ સ્થાનિક મીડિયા દ્વારા ફતેપુરા પંચાયતના જવાબદારો સામે સીધા સવાલો ઊભા કરવામાં આવ્યા છે કે,જનતાના સ્વાસ્થ્ય સાથે રમત રમતા આવા અધિકારીઓ અને કર્મચારીઓ સામે ક્યારે કડકકાનૂની પગલાં લેવામાં આવશે? શું ઉચ્ચતંત્ર જાગશે ખરું કે પછી કોઈ મોટી હોનારત ની રાહ જોવાઈ રહી છે? ગામલોકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે તાત્કાલિક ધોરણે આ સંપ ઉપર મજબૂત લોક-ઢાંકણ મારવા અને જવાબદારો ને સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

### દાહોદમાં થયેલી મારામારીમાં છોડાવવા પડેલા શખસ પર પણ હુમલો

## ઘાંચીવાડામાં આઠ શખસનો નાણાની ઉઘરાણી બાબતે યુવાન ઉપર હુમલો

(પ્રતિનિધિ) દાહોદતા.13

દાહોદ શહેરના ઘાચીવાડામાં ગતરોજ પૈસાની લેવડ દેવડ મામલે આઠ લોકોએ મળી અને એક ઉપર હુમલો કરી લોખંડની પાઈપનો ફટકો માર્યો હતો ત્યારે વચ્ચે છોડાવવા આવેલા વધુ એક ને પણ લોખંડની પાઈપ નો ફટકો મારી ગંભીર ઈજા કરવાનો બનાવ બન્યો છે પોલીસે ઘટના સંદર્ભ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે બનાવની મળતી માહિતી અનુસાર દાહોદ શહેરના ઘાચીવાડાના ખાન ઉકરડા વિસ્તારમાં રહેતા રિઝવાન સિકંદર સામત ગતરોજ કામ અર્થે ઘાંચી વાળા ની જુમ્મા મસ્જિદ પાસેથી પોતાની મોટરસાયકલ લઈ અને જતા હતા ત્યારે આ વિસ્તારમાં જ રહેતા મોહમ્મદ યુનુસ સદ્દુ, જુનેદ શબ્બીર સલીમ ઉર્ફે ભુરીયો મોહમ્મદ સદુ અરબાઝ, સોહેલું સુફિયાન સદુ, સિકંદર અને સલમાન આ આઠ લોકોએ ભેગા મળી મંડળી બનાવી મારક હથિયાર સાથે એક સંપ થઈ અને રિઝવાનની મોટર સાયકલ રોકી અને કહેવા લાગ્યા કે અમારી પાસે તમારા કોઈ પૈસા છે નહીં માંગણી કરતા નહીં તેમ કહી તકરાર કરી અને સલીમ ઉર્ફે ભુરિયો મોહમ્મદ સદએ તેના હાથ માની લોખંડની પાઈપ નો ફટકો રિઝવાન ભાઈ ના માથામાં મારી દેતા લોહી લુહાણ થયા હતા. આ વેળાએ વચ્ચે પડી છોડાવવા આવેલા સુફીયાન ને પણ પાઈપ નો ફટકો મારી દેતા માથામાં ભારે ગંભીર ઈજા થઈ હતી અને એકસંપ થઈ આ આઠ લોકોએ લાકડીના ફટકા અને ગડદાપાટુનો માર મારી અને સુફીયાનને મારી ગાળો બોલી આજે તો બચી ગયો છે પરંતુ હવે અમારી સામે આવતા નહીં, નહીં તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી આ બનાવ બનતા વિસ્તારના લોકો ઘટના સ્થળે ઉમટ્યા હતા.